નમસ્કાર ગાંધીનગર

પમરાટ

**મારીને મન મથીશ એ કશું થશે નહીં
મૂકીને મન કરીશ વ્યર્થ એ જશે નહીં
સંબંધને મમતના નોખા હિસાબ સહુના,
મારૂં ગણ્યું કબૂલ બધાંને હશે નહીં
મારૂં હશે તો ક્યાંય હાથથી જશે નહીં,
બીજાનું મારે હાથ કદી આવશે નહીં !**

- મનસુખ લશ્કરી

પાથેય

- રમેશ ઠક્કર

સંબંધ અને મમત

કોઈપણ કામ દિલથી થાય એની મજા જ અનોખી હોય છે.મન મારીને મળવાનો કોઈ મતલબ નથી..કેવળ નફા તોટાના માપદંડથી ચાલવાને બદલે જો માણસ મન મૂકીને વિશ્વાસના સહારે ચાલતો રહે તો એ કદી વ્યર્થ જતું નથી..આપણો અવિશ્વાસ એ આપણી સૌથી મોટી અડચણ બની રહે છે..અનુભવી લોકોના મતે સંદેહ સાથે અવતરતા પ્રયાસો કયારેય પણ પરિતૃપ્ત કરતા નથી..સંબંધ અને મમત વચ્ચેની ભેદરેખા ઘણી પાતળી છે.

દરેક માનવીય સંબંધ પાછળ લાગણીની પૃષ્ઠભૂમિ હોય છે..ચંદ્રકાંત બક્ષીની નવલકથાનું નામ છે 'લીલી નસોમાં પાનખર" એમાં સંબંધોની એક અનોખી છાયાને ઉકેલવાનો પ્રયાસ છે...સંબંધ એટલે માણસજાતને જીવવા માટેની તાલીમ આપતો નૈસર્ગિક પ્રબંધ..એની કોઈ પરિભાષા હોઈ શકે..?એની લિપી હોઈ શકે ?કેટકેટલી રીતે એ વ્યક્ત થતા રહે છે ?

સંબંધો એ જિંદગીના વૃક્ષ ઉપર ઉગેલા ટહૂકા છે..હવે કાગળ કોઈ લખતું નથી,બાકી એક જમાનો હતો કે માણસના હદયસ્પંદનો કાગળના કલેવરમાં આચ્છાદિત થઈ જતાં અને સંબંધો મહેંકી ઉઠતા..આજના વૉટસએપ કે ફેસબુકના ખોખલા પ્રત્યાયનમાં નજદીકતા નથી..એમાં ઉપરચોટીયું આદાનપ્રદાન સંબંધોની શુષ્ક પરિભાષા છે..શહેરની સોસાયટીઓમાં ધુળ શોધવી મુશ્કેલ છે..પરંતુ ગોધૂલિ ટાણે ગામ ને પાદર રજકણો વચ્ચે રચાતો માનવકોલાહલ સંબંધોનો અનોખો નજારો હતો...

પોસ્ટમેન અને પોસ્ટઑફિસની જીવંતતા માણસ સાથેના સીધા જોડાણથી સ્પંદિત રહેતી...આજના ઈ-મેઈલ કે એસ.એમ.એસ.ના યાંત્રિક સંચારમાં માણસ કટઑફ છે અને એટલે જ સંબંધની એક વેરાન અનુભૂતિ આપણી આસપાસ ઘેરાઈ જાય છે..સંબંધ એ લેણદેણની પ્રતિચ્છાયા છે..કોઈકે સરસ કહ્યું છે.

"છે શ્વાસ તો વિશ્વાસ પણ હશે,
છે સ્નેહ તો અજવાસ પણ હશે."

સંબંધોનું વિશ્વ નિરાળું છે..એ તદન કોઠાસૂઝનો વિષય છે..એટલે જ કહેવાયું છે કે સંબંધથી વધીને બીજો કોઈ અનુબંધ નથી...કવિ આપણને આશ્વસ્ત કરે છે કે જે આપણું છે એને કયારેય વાંધો આવવાનો નથી..અને જે આપણા નસીબમાં જ લખાયેલું નથી એના માટે ગમે તેટલું મમત્વ રાખીએ તો પણ એ મળતું નથી..આ ઈલમ ઉપર જ સંબંધોની આલમ રચાતી રહે છે...

અગ્નિપથ : અસલામતીની લાગણી જન્મે એવો પ્રયોગ

તંત્રીસ્થાનેથી...

'અગ્નિપથ' સબ્દ શાંભળીને જ રૂવાડાં ઊભાં થઈ જાય. દરેક ક્ષેત્રમાં કંઈ ને કંઈ નવું કરવાની વૃત્તિ ધરાવતી મોદી સરકારે સેનાની ત્રણ પાંખોના સર્વોચ્ચ પદની નવી વ્યવસ્થા ઊભી કરી હતી અને નિવૃત્ત આર્મી વડા બિપિન રાવતને પહેલા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએફ) તરીકે નિયુક્ત કર્યા હતા. એમના આકસ્મિક મૃત્યુ પછી એ પદ હજી ભરાયું નથી પણ એને ભરવા માટેની પ્રક્રિયા ચાલુ છે અને એ માટેની યોગ્યતા સંદર્ભે પણ સરકારે કેટલાક વ્યાપક ફેરફારો જાહેર કરેલ છે. 'અગ્નિપથ' યોજના સૈન્ય ભરતી માટેની ગણતરીપૂર્વક બનાવાયેલ યોજના છે. સેનાની ત્રણેય પાખો માટે ફક્ત ૪ વર્ષ માટે લાયકાત ધરાવતા યુવાનોની ભરતી કરાશે. એમને એક સુનિશ્ચિત પગાર ધોરણ સાથે અને પેન્શન નહીં આપવાની શરતે ભરતી કરાશે. ચાર વર્ષ પછી ભરતી થયેલ સૈનિકો પૈકીના ફક્ત ૨૫ ટકા યુવાનોને પૂરી નોકરી કરવાની તક મળશે. એવા પચ્ચીસ ટકા જવાનોને ચાર વર્ષની શરુઆતની નોકરી સિવાયનાં વર્ષોની ગણતરી કરી પેન્શન સહિતના તમામ લાભ મળશે. આ યોજના લાવવાથી સરકાર સેના પાછળ થતો ખર્ચ ઘટાડવા માગે છે અને પ્રારંભિક તબક્કે બેરોજગાર યુવાનોને સેનામાં ભરતી થઈ રોજગારી રળવાની તક આપવા માગે છે. સરકારની આ યોજના સેનામાં ભરતી થવા માટે આકરી મહેનત કરી રહેલા બિહાર અને ઉત્તર ભારતના યુવાનોને પસંદ પડી નહીં. એમને બિહાર, ઉત્તરપ્રદેશ, હરિયાણા અને રાજસ્થાન સહિત અનેક વિસ્તારોમાં આંદોલન શરૂ કર્યું છે. ટ્રેનો રોકી છે. રસ્તાઓ પર ચક્કાજામ કર્યું છે. આગ લગાડી છે. જો સરકાર આ નવી યોજના પાછી ન ખેંચે તો દિલ્હી કૂચ કરવા સુધીની ધમકી આપી છે. 'ધારાસભ્યો અને સાંસદોને પેન્શન અપાતું હોય તો ચાર વર્ષ પછી સૈનિકોને કેમ નહીં ?' બેરોજગાર યુવાનોની દલીલમાં વજૂદ છે. સેનામાં ભરતી થવા માટે છેલ્લા ચાર-પાંચ કે તેથી એથી વધારે વર્ષોથી રાહ જોઈ રહેલા યુવાનો ચાર વર્ષની ફિક્સ પગારની અને પેન્શન વગરની તથા ભવિષ્યની કોઈ સલામતી વગરની ચાર વર્ષની નોકરીમાં જોડાવાનું જોખમ શું કામ સ્વીકારે ? 'અગ્નિવીર' જેવી ઝુઝારુ ઓળખ સાથે સરહદ પર મરવાની તૈયારી સાથે તૈનાત થયા પછી જો ભવિષ્યમાં બેકારી જ વેઠવની હોય તો બહેતર છે કે પરંપરાગત કૌટુંબિક ખેતી - પશુપાલન જેવા વ્યવસાયમાં જીવ પરોવી લેવો અને વેળાસર ઘરસંસાર માંડી સુખચેનની જિંદગી જીવી લેવી. યુવાનો ચાર વર્ષ પછીનું સુરક્ષા કવચ માગે છે. જે મુદ્દે સરકાર જરા જુદી રીતે, જવાબદારી સ્વીકાર્યા વગર, અધ્ધરતાલ આમલી પીપળી બતાવીને છટકી જવા માગે છે. ચાર વર્ષ પછી છૂટા કરાયેલા એ પંચોતેર ટકા જવાનોને વિવિધ સરકારી - સહકારી ઉપક્રમોમાં પ્રાયોરિટી બેઝ પર નોકરી મળી રહેશે એવું આશ્વાસન યુવાનોને ગળે ઉતરતું નથી. એમને તો હાલ વર્ષોથી ચાલી આવતી ભરતી યોજના જ ચાલુ રહે એમાં રસ છે. જો પસંદગી થાય તો એવા જવાનને પૂરાં પંદર વર્ષ નોકરી કરવાની હોય છે અને પછી પેન્શન તથા ખેતીની જમીન વગેરે લાભો અપાય છે. જો જવાન પંદર વર્ષની મિનિમમ અને ફરજિયાત નોકરી પછી પણ સેનામાં નોકરી ચાલુ રાખવા માગે તો એની પણ જોગવાઈ છે. ભારત સરકાર સેનાનું આધુનિકીકરણ કરવાની સાથે જ પેન્શન અને પગારની રકમના ભારે બોજને ઘટાડવા માગે છે. પરંતુ એથી સીધી અસર સૈનિકના માનસ પર થશે. એ શરૂથી જ ચાર વર્ષ કયારે પૂરા થાય અને બીજે કયાંક નોકરીએ લાગી જવાય એવા વિચારોમાં ફસાયેલો રહેશે. એથી સૈનિકની કાર્યક્ષમતા અને સમર્પણભાવનમાં પણ ઘટાડો થશે. સેનામાં ભરતી થતાંની સાથે જવાન એની રેજીમેન્ટના સમ્માન માટે જીવ આપી દેવા તૈયાર થઈ જતો હોય છે. આ નવી યોજના હેઠળ ભરતી થના અને અસલામતી અનુભવનાર જવાન પાસે એવી સમર્પણ ભાવનાની અપેક્ષા રાખવી વધુ પડતું લેખાશે. પ્રયોગો કરવામાં માહેર કેન્દ્ર સરકારે સેના જેવા અતિ સંવેદનશીલ વિભાગને હચમચાવી મૂકેલ છે. ભવિષ્યના સૈનિકો 'ફિક્સ પગાર' નહીં પણ પૂરા સુરક્ષા કવચની અને સન્માનભેર નિવૃત્ત થવાની અપેક્ષા રાખે તો એમાં કશું ખોટું નથી. સરકારે ફેરવિચારણા કરવી જ રહી.

કેરીના રસથી ડાયાબિટીસ મટી જાય ?

કેરીના રસથી ડાયાબિટીસ મટે તો દરરોજ કેરી ખાઈ શકો ?

તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર

આજે ડાહ્યાલાલ ખૂબ મૂડમાં હતા. ડાહ્યાલાલ બોલ્યા આજે હું જ બોલી. ગાંડાલાલ, વિપુલ અને નિલેશ કોઈએ કઈ બોલવાનું નથી. ગાંડાલાલે કહ્યું તો તો કંઈક સારી જ વાત હશે અથવા તો ડાહ્યાલાલ આજે કંઈ વાંચીને આવ્યા છે. ચલો હવે કોઈ બોલશો નહીં આપડે સાંભળવાનું છે. ડાહ્યાલાલે કહ્યું કે આ ઉનાળામાં રાજાઓમાં ફળ એટલે કેરી. ઘણી પ્રકારની કેરીને લઈને લોકો પોતાના ઉપર નવા નવા અખતરા પણ કરે છે. ડાયાબિટીસમાં કેરી ના ખવાય. પણ બાજુની સોસાયટીમાં રહેતા સલીમભાઈ કેરીનો બહુ શોખ પણ ડાયાબિટીશના હિસાબે કેરી ખાઈ શકતા નથી. અચાનક સલીમભાઈએ તુક્કો આવ્યો જે થવું એ થાય મારે કેરી ખાવી જ છે. સલીમભાઈએ સવાર, બપોર અને સાંજ ૩ ટાઈમ કેરી ખાવાનું નક્કી કર્યું છે. બજારમાંથી કેરીના ટોપલા મંગાવી દીધા. સલીમભાઈએ કીધું કેરી તો ખૂબ મોંઘી છે. પણ જે ભાવ હોય એ હું તો કેરી ખાઈશ.

જે દિવસે કેરી ખાવાનું નક્કી કર્યું એ દિવસે એમનો જન્મ્યા પછીનો PPBG રિપોર્ટસ ૪૯૯ હતી. સલીમભાઈએ એક અઠવાડિયું કેરી ઉપર રહેવાનું નક્કી કર્યું. સવાર-બપોર-સાંજ બસ કેરી જ કેરી. ઘણા મિત્રો અને ડૉકટરોએ સલાહ આપી આવું ન કરાય. તમે હેરાન થઈ જશો અને સુગર તમારી એટલી બધી વધી જશે કે તમને તકલીફ પડશે. પણ સલીમભાઈ જે થવું હોય તે થાય. અલ્લાહની જેવી મરજી કદાચ વધારે કેરી ખાવાથી મારું મોત થશે તો પણ હું કેરી ખાઈશ. અઠવાડિયા સુધી કેરી ખાધી. ત્રીજા દિવસે સલીમભાઈના શરીરમાં તાકાત પણ વધી અને સ્ફૂર્તિ પણ વધી ગઈ. બધાએ સલાહ આપી હતી કે ટેસ્ટ કરી દેશો. સલીમભાઈ માન્યા જ નહીં. અઠવાડિયા સુધી કેરી ખાધા પછી કોઈ સારી લેબમાં જઈને ભૂખ્યા પેટનું એટલે Fasting અને PPBS એટલે જમ્યા પછી બે કલાકે એમ બે વાર લોહીનો ટેસ્ટ કરાવ્યો. સલીમભાઈ ગભરાતા - ગભરાયા લેબમાં રિપોર્ટ લેવા ગયા. રિપોર્ટ જોઈને સલીમભાઈ ડઘાઈ ગયા. સવારનો રિપ્રોટ એમનો 60 mgldl આવ્યો. અને જમ્યા પછીનો રિપોર્ટ 90 mgldl આવ્યો. ગાંડાલાલથી હવે રહેવાયું નહીં. અરે ડાહ્યાલાલ, મારા જેવી વાત ના કરો.આ શક્ય જ નથી. આવું કઈ રીતે બને? ડાહ્યાલાલે કહ્યું આ સલીમભાઈની વાત સાચી છે. આવું થયું. ગાંડાલાલે કહ્યું આવું થવાનું કારણ શું?

ડાહ્યાલાલે કહ્યું, અરે વાત હજુ અડધી છે. સલીમભાઈએ બીજા અઠવાડિયે કેરી તો ખાધી પણ ખોરાક સાથે. એટલે કે સવારે ચા-નાસ્તો, બપોરે રોટલી - દાળ-ભાત શાક અને રસ અને સાંજે ભાખરી શાખ ને રસ તો એમનો રિપોર્ટ અઠવાડિયા પછી જે 60 mgldl હતો એ વધીને 160 mgldl થયો. અને જમ્યા પછી જે ૯૯ હતો તે વધીને 300 mgldl થયો. ગાંડાલાલ બોલ્યા આ વાત પણ માન્યતામાં નથી આવતી. ગાંડાલાલે પ્રશ્ન પૂછ્યો પહેલા અઠવાડિયો દવા ચાલુ હતી ? અને બીજા અઠવાડિયે પણ દવા ચાલુ હતી ? ડાહ્યાલાલે કહ્યું બંને અઠવાડિયે દવા ચાલુ હતી એટલે કેરીના રસ ઉપર રહેવાથી સુગર ઓછું થાય છે એવું સાબિત થાય. ગાંડાલાલે પૂછ્યું કારણ ? ડાહ્યાલાલે કહ્યું કેરીના રસમાં ગ્લુકોઝની જગ્યાએ સુગરના રિઝલ્ટ ઓછા આવ્યા. ગાંડાલાલે પૂછ્યું આવું કરાય ? ડાહ્યાલાલે કહ્યું આ તો ફક્ત અખતરો હતો. આવું વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલું નથી. એટલે સલીમભાઈ જેવું બધાને ન કરવું જોઈએ અને જો કરવું હોય તો મેડિકલ સુપરવીઝનની અંદર દાખલ થઈને કરવું જોઈએ. જેમાં ખાલી પેટે લોહીનો ટેસ્ટ ડાયાબિટીસનો ટેસ્ટ, પ્રિ-લંચ એટલે જમ્યા પહેલાનો ટેસ્ટ,પ્રિ - ડિનર એટલે સાંજનો જમતા પહેલાનો ટેસ્ટ કરાવવો જોઈએ.

ડાયાબિટીસનો ટેસ્ટ કરાવી લેવો જોઈએ. અને પછી જ આવા અખતરા કરવા જોઈએ. સામાન્ય રીતે આવા અખતરા ન કરવા જોઈએ. ડૉકટરની સલાહ પ્રમાણે ડૉકટર જે સલાહ આપે એ પ્રમાણે જ સલાહ લઈને કોઈ પણ અખતરો કરવો અને જો ખરેખર કેરીથી ડાયાબિટીસ ઓછો થતો હોય સમજવાની વાત એ છે વધારે કેરી ખાવાથી ડાયાબિટીસ મટતી નથી. જેવો કે લીમડાનો રસ પીવાથી ડાયાબિટીસ ઘટે છે. એવું સાબિત થયેલું છે. પણ તમે કાયમ લીમડાનો રસ પી શકો. હા, કદાચ ગોળીના રૂપમાં એટલે ફુકટોઝની ગોળી બજારમાં મળતી થાય તો આવું કરાય.

દિન મહિમા

- **આંતરરાષ્ટ્રીય પિકનિક દિવસ**
- **૨૦૨૧ - મિલ્ખાસિંગની પુણ્યતિથિ, ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર દોડવીર.**

આજનું ઔષધ

- **દમમાં લાંબા સમય સુધી કૂવાડિયોના બી ખાવા જોઈએ.**

ખડખડાટ

- **ટીચર : કલાસમાં જાગૃતિ લાવવા માટ શું કરવું પડે ?**
ભૂરો : ટીચર, મગન કાકા સાથે વાત કરવી પડે...
ટીચર : મગનકાકા કોણ છે ?
ભૂરો : જાગૃતિના પપ્પા....

આજનું વોટ્સએપ

- **'મન' થાય ત્યારે 'મરજી' મુજબ જીવી લેવું, કેમ કે 'સમય' ફરીથી એ 'સમય' નથી આપતો !!**

ચન્દ્રના તેજમાં વરસાદના છાંટા : સત્યકથાઓ

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

૧૯૮૫ના મે મહિનાની વીસમી તારીખે એક અનોખા સર્જક મુકુંદરાય પારાશર્ય આપણી વચ્ચેથી ગયા. સાહિત્ય જગતે આ બાબતથી એક આંચકાનો અનુભવ કર્યો. મુકુન્દરાયની ૩૭મી પુણ્યતિથિએ અમદાવાદના એક કાર્યક્રમમાં અનેક ભાવિકો તથા સ્નેહીજનોએ મુકુંદભાઈને આદર સહ યાદ કર્યા. કાર્યક્રમનું આયોજન ઓમ કોમ્યુનિકેશન તરફથી થયું હતું. આ કાર્યક્રમના ઉપક્રમે મુકુંદભાઈના પુત્ર તથા સાહિત્ય મર્મજ્ઞ પીયૂષભાઈએ પોતાના પિતાના અનેક જાણીતા તેમજ અજાણ્યા એવા પ્રસંગો કહીને શ્રોતાઓને રસતરબોળ કર્યા હતા. એક સર્જક તરીકે મુકુંદભાઈને ગુજરાત કદી વિસરી નહિ શકે. કવિ મુકુંદરાયની ચિરવિદાયના સમયે આપણા સુવિખ્યાત કવિ હરિકૃષ્ણ પાઠકે લખેલા શબ્દો સ્મૃતિમાં રહી જાય તેવા છે:

જળ રે ઊંડા ને પાછા
નીતરાં એવા નવલા
નવાણ.. સતનો સમાગમ
આજે આથમ્યો, થયા
આંખથી અદીઠ...ફૂલની
સુવાસે તમને પામશું !

આજના સંદર્ભમાં વિચારીએ તો સમાજના અનેક લોકો પોતે જેવા છે તેનાથી વધારે સારા દેખાવાનો નિત્ય પ્રયાસ કરતા રહે છે. પ્રસિદ્ધિનો મોહ હોઈ શકે પરંતુ તે મોહ લગભગ ઘેલછાની હદે પહોંચ્યો હોય તેવું વખતોવખત અનુભવમાં આવે છે. પ્રસિદ્ધિના બળે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાના વર્તમાન સંદર્ભ સામે આપણાં શીલભદ્ર સર્જક મુકુન્દરાય પારાશર્ય તળિયે રહીને પણ જીવનને રળિયાત કરવાની મથામણ કરે છે. તળિયે રહેવાનો કે અદ્રશ્ય રહેવાનો તેમને સહેજ પણ અફસોસ નથી. પરંતુ જીવનનું લક્ષ ઘણું ઊંચું છે. ઉમદા પણ છે. જાતને સંબોધન કરતા આપણા આ કવિ લખે છે:

મરને તળિયે જીવીએ
દુનિયા દેખે નૈ
મકના એવી છીપ થા
મોતી પાકે મૈ.

જીવન પાસેથી તેમની જે ઉદાત અપેક્ષા હતી તેવું તેઓ સ્વચેતનાની બળે પ્રાપ્ત પણ કરી શક્યા હતા. આથી અનેક લોકોને આ જંગમ તીર્થસ્થાન સમાન વ્યક્તિની મુલાકાત કરવી ગમતી હતી. આવી મુલાકાતનો પણ એક અલગ જ લહાવો હતો. કવિ ઉમાશંકર જોશી કે ભાયાણી સાહેબ જેવા અનેક વિદ્વતજનો કવિ મુકુંદભાઈના મહેમાન બનતા હતા. મુકુંદભાઈનો તે માટે સતત આગ્રહ પણ રહેતો હતો. મહેમાનગતિ કરવી એ આપણાં આ સર્જકના લોહીમાં વણાયેલી બાબત હતી. ભાવનગર શહેરમાં મુકુંદભાઈનું હોવું તે જાણે નગર માટે પણ એક સુખદ સુયોગ હતો. આ સંદર્ભમાં તખ્તસિંહજી પરમાર(ગુરુજી) લખે છે: "લગભગ ૧૯૬૦ પછી કોઈ બહારના મિત્ર મને પૂછે કે ભાવનગરમાં જોવા જેવું શું છે તો મારો એક અલગ પ્રત્યુત્તર હોય છે. પૂછનાર વ્યક્તિ જો સંસ્કારનિષ્ઠ હોય તો તેમને ભાવનગરના ત્રણ જંગમ તીર્થોને મળવાનું સૂચવું છુ. આ ત્રણ જંગમ તીર્થો એટલે મૂળશંકર ભટ્ટ, માનભાઈ ભટ્ટ તથા મુકુંદરાય પારાશર્ય... આ ત્રણેય વ્યક્તિઓ સ્મરણસ્તુપ સમાન છે." જયારે વ્યક્તિમાં એક અલગ પ્રકારની જ ચેતના હોય ત્યારે તેનું આચમન લેવા અનેક લોકો ઉત્સાહભેર આવતા રહે છે તેનું આ જ્વલંત તથા આંખ સામેનું ઉદાહરણ છે. ગાંધીજીના જીવનમાં પણ આવું જ બન્યું હતું. ગાંધીજીના અનેક અનુયાયીઓ માત્ર ગાંધીના જીવન તથા વિચારથી આકર્ષિત થઈને ગાંધી આશ્રમમાં જોડાયા હતા. મહદઅંશે આવું જ એક ચુંબકીય આકર્ષણ મુકુંદભાઈના સરળ તથા સહજ સ્વભાવમાં હતું. તેમની વાતોમાં હતું.

મુકુંદભાઈએ માત્ર સત્યકથાઓ લખી હોત તો પણ એ સાહિત્ય સર્જનના જગતમાં અમર થઈને રહી શક્યા હોત. પરંતુ મુકુંદભાઈએ તો સત્યકથાઓ ઉપરાંત અનેક પ્રકારના સાહિત્યનું સર્જન કર્યુ છે. આ સાહિત્યનું આચમન અનેક લોકોએ લીધેલું છે. ચન્દ્રના તેજમાં વરસાદના છાંટા જેવું મુગ્ધ કરનારું આ સાહિત્ય છે. સત્યકથાઓ માટે લખતા કુન્દનિકા કાપડિયા સુંદર શબ્દોમાં કહે છે કે માનવજીવનના સર્વોચ્ચ શિખરોની યાત્રા સમાન આ વાતો છે. તપના તેજથી શોભાયમાન એવા મુકુંદરાયે લખેલા ચરિત્રો ચિરંજીવ રહે તેવા સત્યશીલ છે. વાડીલાલ ડગલી કહે છે કે મારી માતૃભાષામાં પારાશર્ય જેવા કસબી છે તેનું ગૌરવ છે. અનેક પુણ્યશ્લોક પાત્રોની આ ગંગાજળ સમાન પવિત્ર જીવનયાત્રામાં અનેક પેઢીઓને પ્રેરણા આપી રહે તેવી વાતો છે. એક એક કથાનું આગવું મૂલ્ય છે. સત્યકથાના આ તમામ પાત્રો એ વાસ્તવિક જગતનો ભાગ હતા. તેમાં કોઈ કિવંદતીઓ નથી. જગતમાં હતાં છતાં જાણે કે તેઓ દુનિયાદારીથી વેગળા હતાં.

મુકુંદરાયના સાહિત્ય જગતમાંથી પસાર થતાં બીજી પણ એક બાબત આપણાં ધ્યાનમાં આવે છે. મોટેરાઓ પાસેથી નાના બાળકો કે કિશોરોને દાદા-દાદી તરફથી અનેક વાતો કહેવામાં આવતી હતી. જાણે કે એક વણલિખિ તેવી આ શિક્ષણની એક આગવી પધ્ધતિ હતી. તરુણો તથા કિશોરોને જીવન જીવવાનું ભાથું આ વાતોમાંથી ભરપૂર માત્રામાં મળી રહેતું હતું. આથી બાળકોની પણ આંતરિક શક્તિનો સુયોગ્ય રીતે વિકાસ થતો રહેતો હતો. આવા સંવાદના કારણે બે પેઢીઓ વચ્ચે એક સંવાદિતાનો પણ ઉમેરો થતો હતો. સ્વસ્થ સમાજની રચનામાં આ પ્રકારના સંવાદની એક પાયારૂપ ભૂમિકા રહેતી હતી. કુટુંબના માણસો રાત્રે જમ્યા પછી સાથે બેસે. બાળકોને વડીલો વાર્તા કહે. આવી વાતોના માધ્યમથી જ જગતને સત્યકથાઓ જેવી ગંગોત્રીનું દર્શન થયું. લોકો સુધી આ વાતો પહોંચે તે માટે "કુમાર" તેમજ બચુભાઈ રાવતના પ્રયાસો માટે આપણે તેમના ઋણી છીએ. આજ રીતે હરિઓમ આશ્રમના પૂજ્ય મોટાની પણ ઉદાર સખાવતે મુકુન્દભાઈના સાહિત્યને જ્વલંત રાખવામાં મહત્વનો ફાળો આપ્યો છે. પૂજ્ય મોટાનો આપણાં સૌ પર એક સંતને છાજે તેવો આ ઉપકાર છે.

મુકુંદરાય પરાશર્યની વાતો આપણી આજની પેઢીના યુવાનો સુધી પહોંચાડવા જેવી છે. અલબત્ત સત્યકથાઓની અનેક નકલો ગુજરાતમાં અનેક ઘરોમાં પહોંચી છે. મુકુંદભાઈએ સાહિત્યકાર થવા કે છપાવવાના મોહથી વાતો લખી નથી. તુલસી તથા કબીરની જેમ તેમની કલમ શ્રેષ્ઠતાના ઝરણાંઓ વહાવીને કોઈ અનંત તત્વને રીઝવવાની સતત મથામણમાં છે. પોતાના જ આગવા તેજના બળે મુકુંદભાઈ અમરત્વને પામેલા સર્જક છે.

લઘુકથા : ગુજરાતી સાહિત્યનો એક ઝબકાર....

સંવેદનનું સ્ટેટસ

રમેશ ઠક્કર

લેખનના અવનવા આયામો હોય છે..એનાં અલગઅલગ સ્વરૂપો હોય છે.ગુજરાતી સાહિત્યમાં લેખનના જે પ્રકારો છે એમાં મુખ્યત્વે બે વિભાગો એટલે કે ગદ્ય અને પદ્ય છે..ગદ્યમાં નવલકથા બહુ જાણીતો પ્રકાર છે..ટૂંકીવાર્તા કે નવલિકા બેહદ લોકપ્રિયછે..નિબંધ,પ્રવાસ વર્ણન,નાટક,રેખાચિત્રો,આત્મકથા, જીવનકથા કે કોલમલેખન એમ દરેકની આગવી દુનિયા છે..આ બધાની વચ્ચે આજથી પાંચ દાયકા પહેલાં આવેલો એક સાહિત્ય પ્રકાર એના નાનકડા દેહ અને લાઘવના લગાવ સાથે વાચકોમાં છવાઈ ગયેલો.કોણ જાણે કેમ એ પછી ગુજરાતી કથાજગતના ગગનમાં એક ઝબકારની માફક પ્રગટ થઈ એ ધીમેધીમે વિલીન થઈ ગયો..એનું નામ છે લઘુકથા.અંગ્રેજીમાં એને જર્રિજર્રિ ર્જઅિ કહે છે..

લઘુકથા એવું નામ જોઈ આપણને થાય કે આ એક નાનકડી કથા હશે.. નવલકથા એટલે વિશાળ ફલકવાળી કથા.. નવલિકા એ પણ મોટી હોય..એ રીતે સરખામણી થતી રહે છે..હકિકતમાં લઘુકથા એક સ્વતંત્ર સાહિત્ય પ્રકાર છે..વાર્તા,કવિતા, કે નવલકથામાં જે સંવેદન કે લેખન કૌશલ્યની જરૂર પડે એટલી જ સજજતા લઘુકથા માટે પણ આવશ્યક છે...ઘણા લોકો એવું પણ માનતા હોય છે કે મોટી કથાના લેખક એટલે મોટા લેખક અને લઘુકથાના લેખક એટલે નાના અથવા સાધારણ..! આ એક ખોટી ધારણા છે..વાસ્તવમાં કોઈપણ કૃતિને લાઘવપૂર્ણ રીતે અને ચુસ્ત રીતે આલેખવી હોય તો એ લઘુકથામાં જ શકય છે..એની અમાપ શકયતાઓ જોઈ કેટલાક એને અણુકથા પણ કહે છે !

ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા નંદશંકર તુળજાશંકર મહેતા લિખિત "કરણઘેલો 'ઈ.સ.૧૮૬૬માં પ્રગટ થઈ..આપણી ભાષાની પ્રથમ નવલિકા લેખક "મલયાનિલ" દ્વારા ઈ.સ.૧૯૧૮માં 'વીસમી સદી " નામના સામયિકમાં પ્રગટ થઈ..નામ એનું "ગોવાલણી"..એની સરખામણીએ આપણે ત્યાં લઘુકથા ઘણી મોડી આવી.."કુમાર" સામયિકમાં ઑગસ્ટ ૧૯૫૧માં મોહનલાલ પટેલની લઘુકથા "ડબલ સોપારી " પ્રકાશિત થઈ એ આપણી ભાષાની પ્રથમ લઘુકથા..એ પછી આ જ લેખકે લઘુકથાને પ્રચલિત કરી..એ રીતે મોહનલાલ પટેલ એ ગુજરાતી લઘુકથાના જનક ગણાય છે..એકાદ બે દાયકા સુધી એ અલપઝલપ ચાલતી રહી..એ સમયના જાણીતા નવલકથાકારો કે વાર્તાકારો એના માટે ઉપેક્ષાભાવ રાખી દૂર રહેતા..પરંતુ વાચકોને લાઘવ અને ચમત્કૃતિ સાથે થોડામાં ઘણું કહી દેતો સાહિત્યનો આ નવો પ્રકાર ગમતો ગયો..અને એ રીતે ઈ.સ ૧૯૬૩ પછી એનો ક્રમિક વિકાસ થતો રહ્યો અને ઉત્તમ લઘુકથાઓ આપણાં સામયિકો માટે અનિવાર્ય બનતી ગઈ..

શરૂઆતના તબક્કે જ મોહનલાલ પટેલે એને ઊર્મિ કથા કહી ઓળખ આપી હતી..એનો નાજુક દેહ જોઈ એને કુમળી કથા પણ કહેવામાં આવતી..ક્રમશઃ એ લઘુકથા તરીકે સ્વીકૃત થઈ..એના કેટલાક મુખ્ય ઘટકો છે..(૧)લાગણીનો તીવ્ર સંચાર (૨) વાર્તાતત્વ (૩) વિચાર અથવા ફિલોસોફી (૪) આકર્ષક શિર્ષક (૫)ચમત્કૃતિપૂર્ણ અંત..લઘુકથા દ્વારા એકાદ સંવેદન કે ઊર્મિને સચોટ રીતે આલેખવામાં આવે છે.જે ચિત્તને ઘડીભર ક્ષોભ આપી એને ઝણઝણાવી જાય છે...

મોહનલાલ પટેલ પછી લઘુકથાની કેડી સમૃધ્ધ થતી ગઈ..એના લેખક લઘુકથાકાર તરીકે પ્રતિષ્ઠિત થતા ગયા..પ્રારંભના સમયથી જે લઘુકથાકારો જાણીતા થયા એમાં ઈજ્જતકુમાર ત્રિવેદી,બહાદુરભાઈ વાંક,રમેશ ત્રિવેદી,નરેન બારડ, પ્રફુલ્લ રાવળ,ભગીરથ બ્રહ્મભટ્ટ,દિલિપ રૉય,રામજીભાઈ કડિયા,ઈશ્વર પરમાર,ભગવત સુથાર,સુમંત રાવલ,રાજેન્દ્રસિંહ રાયજાદા જેવા અનેક સર્જકોનું એમાં પ્રદાન રહ્યું છે.

લઘુકથા એ ટૂંકીવાર્તા કરતાં અલગ છે..એમાં કથાનક આવે છે જે નવલિકા કરતાં અલગ રીતે આવે છે..શબ્દોની ચુસ્ત પસંદગી એની પ્રાથમિક જરૂરિયાત છે..એ લઘુ છે એટલે ટુચકો નથી..એમાં કથા તો રહેલી જ હોય છે.ટુચકામાં ચમત્કૃતિનો એકવાર ઉઘાડ થઈ જાય પછી એનું આકર્ષણ ઓસરી જાય છે.જયારે લઘુકથા સંવેદન આધારિત હોવાથી એનું પઠન વારંવાર કરવામાં આવે તો પણ એના પ્રત્યેનું આકર્ષણ ઓછું થતું નથી..લઘુકથા એ કાવ્ય નથી છતાંય કાવ્યની ઉંચાઈ સુધી પહોંચી શકે છે..એનું સ્વરૂપ મરિચિમૃગ જેવું છેતરામણું છે એવું દિલીપ રાણપુરાએ કહયું છે..એની ચપળતા સાથે તાલ મિલાવી કૃતિને આત્મસાત કરવી મુશ્કેલ કામ છે.લઘુકથા સીધીસાદી પ્રસંગકથા નથી,નથી કોઈ રૂપકકથા..એમાં લાઘવ અપેક્ષિત ખરૂં પણ અનિવાર્ય નથી..એનું કદ બે ચાર વાકયથી માંડીને બે ચાર ફેરા કે એકાદ પૃષ્ઠ સુધીનું હોઈ શકે છે..

એક જમાનો હતો આપણે ત્યાં દરેક સામયિકમાં લઘુકથા અનિવાર્યપણે સામેલ થતી..આજે એકલદોકલ દેખાય છે..લઘુકથાના સંગ્રહો સમયાંતરે પ્રગટ થતા..આજે ગઝલ નિબંધો અને વાર્તાઓનાં પુસ્તકો થાય છે..લઘુકથાસંગ્રહ કવચિત થતા રહે છે..દરેક નગરમાં જેમ એકાદ બે કવિ હોય એ રીતે પ્રત્યેક શહેરમાં એકાદ નિવડેલો લઘુકથાકાર પણ મળી જતો..કડી નગર લઘુકથાકારોનો ગઢ ગણાતું..એક સાથે એક ડઝન જેટલા ચુનંદા લઘુકથાકારો એક સમયે ત્યાં પ્રવૃત્ત હતા..જાણીતા લેખકો એના ઉપર હાથ અજમાવતા..એની સ્પર્ધાઓ થતી..માત્ર લઘુકથાનાં જ હોય એવાં સામયિકો હતાં..આજે આ બધું અશક્ય થતું જાય છે.

ગુજરાતી સાહિત્યની દુનિયામાં ક્રમશઃ લઘુકથા લેખન ભુલાતું ગયું..માત્ર લઘુકથાના લેખક તરીકે ઓળખાતા હોય એવા કોઈ સર્જક આજે જોવા મળતા નથી.લખવામાં સરળ લાગતી હોવાના લીધે નવા લેખકો એમાં કુતુહલવશ આવી જાય છે..અને કોઈ ભળતી જ રચનાઓ કરી જાય છે..આજે સોશિયલ મિડિયા ઉપર ઘણા લોકો માઈક્રોફિકશન નામની ટૂંકી અભિવ્યક્તિને લઘુકથા માનવાની ભૂલ કરતા રહે છે..માઈક્રોફિકશન એ ટેરેસ ઉપર થતા ફાર્મિંગ જેવું છે..લઘુકથા એ લ્હેરાતા ખેતર વચ્ચેના ચાસ છે..! ગુજરાતી સાહિત્યના ગગનમાં એકસમયે અષાઢી માહોલ સાથે આવી ચડેલી લઘુકથા શરૂઆતના આશાસ્પદ ઝબકાર પછી અદ્રશ્ય થઈ રહી છે,એ ઘટના ખરેખર એક મોટી ખોટ છે..